અપીલ અરજી નં.૧૬૭ તા.૨૬–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી કેતનકુમાર કૃષ્ણવદન માટલીવાલા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતનકુમાર કૃષ્ણવદન માટલીવાલાની તા.૧૭–૭–૧૦ની અરજીથી (૧) માનદરવાજા ટેનામેન્ટમાં પીવાના પાણીમાં ગંદા પાણીનું મિશ્રણ થાય છે તે સમસ્યાના ઉકેલ માટે કેટલા સમયથી (કેટલા દિવસોથી) કામગીરી ચાલુ છે? (૨) ઉપરોકત સમસ્યાના ઉકેલ અંગે શું કામગીરી કરવામાં આવી છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૭/૨૦૧૦–૧૧

શ્રી કેતનકુમાર કૃષ્ણવદન માટલીવાલાની તા.૧૭–૭–૧૦ની અરજીથી (૧) માનદરવાજા ટેનામેન્ટમાં પીવાના પાણીમાં ગંદા પાણીનું મિશ્રણ થાય છે તે સમસ્યાના ઉકેલ માટે કેટલા સમયથી (કેટલા દિવસોથી) કામગીરી ચાલુ છે? (૨) ઉપરોકત સમસ્યાના ઉકેલ અંગે શું કામગીરી કરવામાં આવી છે? તેની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૦૮ તા.૨૩–૮–૧૦ થી આપેલ માહિતી અધુરી અને અયોગ્ય મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા વધુમાં મુદ્દા નં.૧ અને પાણી સેમ્પલોની માહિતી નહીં પુરી પાડવા બાબતે હકીકતલક્ષી વિગતો સહ જાહેર માહિતી અધિકારીનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૨ તા.૩–૯–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/પત્ર નં.૨૧૮૩ તા.૧૩–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૦૮ તા.૨૩–૮–૧૦ ની પત્રની નકલ, તથા પૂરક વિગતોમાં આપેલી માહિતી અંગેના પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૨૧૮૨ તા.૧૩–૯–૧૦ ના પત્રની નકલ તેમજ તેને યુપીસી કર્યા અંગેના પુરાવાની તથા હાઈડ્રોલીક ડીપાર્ટ. ધ્વારા પાણીના સેમ્પલ ટેસ્ટીંગ અંગેના રીપોર્ટ નં.૬૫૭ તા.૨૩–૬–૧૦ , રીપોર્ટ નં.૭૫૦ તા.૧૯–૭–૧૦, રીપોર્ટ નં.૮૧૮ તા.૩૧–૭–૧૦ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની તથા અન્ય વિગતોમાં પીવાના પાણીના લેવામાં આવેલ સેમ્પલ સહિતની વિગતો માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૦૮ તા.૨૩–૮–૧૦ થી આપની સદર અરજી પાણી ખાતામાં પીવાના પાણીમાં ગંદા પાણીના મિશ્રણ અંગેની ફરીયાદ સ્વરૂપે છે જે અન્વયે પાર્ટી મુકી અન્ડર ગ્રાઉન્ડ લીકેજ/ગંદા પાણી મિશ્રણનું લોકેશન કરવાની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવામાં આવે છે."

" આપના વિસ્તારમાં પીવાના પાણીમાં ગંદા પાણી મિશ્રણ થવાની સમસ્યા ત્યાંના વસાહતીઓ ધ્વારા લેવામાં આવેલ પાણીના કનેકશનની જી.આઈ લાઈન સડી જવાના કારણે થયેલ તેમજ તે અન્ડર ગ્રાઉન્ડ હોય જી.આઈ. કનેકશનો વારા ફરતી ચેક કરી ફરીયાદનો નિકાલ કરી ઉપરોકત ટેનામેન્ટમાં ઉદભવેલ સમસ્યાનો નિકાલ ઝોનના પાણી ખાતા ધ્વારા કરવામાં આવેલ છે. " તેવું જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે પ્રશ્ન નં.૧નો જવાબ બદ ઈરાદાપૂર્વક આપવામાં આવ્યો નથી તેમજ અન્ય વિગત હેઠળ માગવામાં આવેલી વિગતો પણ આપવામાં આવેલ નથી. આમ અધૂરી અને અયોગ્ય માહિતી તૈયાર કરનાર લીબાયતઝોન જવાબદાર અધિકારી સામે પગલા ભરવાની રજૂઆત કરી તા.૨૬–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૮૨ તા.૧૩–૯–૧૦ થી પ્રશ્ન નં.૧ બાબતે ફરીયાદ મળ્યાની તારીખ પાર્ટી મુકયાની તારીખ, ફરીયાદ દુરસ્ત થયાની તારીખ તથા કરેલ કામગીરીની વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તથા અન્ય વિગતો પાણીના સેમ્પલ અંગે હકીકતલક્ષી રીપોર્ટ ની માહિતી રીપોર્ટ સહિત પાના નં.૧ થી ૫ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તથા તે પોસ્ટ કર્યા અંગે યુપીસી પુરાવાની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી પાણી ટેસ્ટીંગના રીપોર્ટ સહિતની  માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કંઈ કરવાનું  રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ પગલા ભરવા અંગે કાર્યવાહી કરવાની સત્તા  આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય, ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી માટલીવાલા કેતનકુમાર કુષ્ણવદન,